વિસ્તરણ શિક્ષણ નિયામકશ્રીની કચેરી
## નવસારી કૃષિ યુનિવર્સિટી
એરૂ ચાર રસ્તા, નવસારી–૩૯૬૪૫૦
ફોન : ૦૨૬૩૭–૨૮૨૦૨૬, ફેકસ : ૦૨૬૩૭–૨૮૨૭૦૬ e-mail: dee@nau.in, Website: www.nau.in

# પરિપત્ર

### કૃષિ મહોત્સવ–૨૦૧૪ અંતર્ગત
### કૃષિ વૈજ્ઞાનિકો માટે તાલીમ કાર્યક્રમ (ઓરીએન્ટેશન)ના આયોજન બાબત

જયભારત સહ માન. કુલપતિશ્રીની આજ્ઞાનુસાર જણાવવાનું કે, આગામી તા.૨૬/૦૫/૨૦૧૪ થી ૯/૬/૨૦૧૪ (દિન–૧૫) સુધી રાજય સરકારશ્રી તરફથી કૃષિ મહોત્સવ–૨૦૧૪નું આયોજન કરવામાં આવેલ છે. સદરહુ કૃષિ મહોત્સવ દરમ્યાન દર વર્ષની જેમ આપણી યુનિવર્સિટીના કૃષિરથ સાથે જઈને નિષ્ણાંત માર્ગદર્શક તરીકે સેવા આપનાર છે. કૃષિરથ સાથે જનાર કૃષિ વૈજ્ઞાનિકોને છેલ્લામાં છેલ્લી કૃષિ તાંત્રિકતા મળી રહે તે હેતુસર **તા.૨૧/૫/૨૦૧૪**ના રોજ સવારે ૯.૦૦ કલાકે સેમીનાર હોલ, ન.મ. કૃષિ મહાવિદ્યાલય, નકૃયુ, નવસારી ખાતે એક તાલીમ કાર્યક્રમ (ઓરીએન્ટેશન) રાખવામાં આવેલ છે. જેમાં સંદર્ભ પત્ર નકૃયુ/વિશિનિ/ડી.૧/૨૩૩૩–૩૪/૨૦૧૪, તા.૧૬/૦૫/૨૦૧૪ થી કૃષિ મહોત્સવ–૨૦૧૪ માં કૃષિ વૈજ્ઞાનિક તરીકે **જેઓને ફરજની સોંપણી કરવામાં આવેલ છે તેઓએ તથા જેઓને કૃષિ મહોત્સવ–૨૦૧૪ અંતર્ગત અનામત કૃષિ વૈજ્ઞાનિક તરીકે રાખવામાં આવેલ છે તેઓ તમામે ઓરીએન્ટેશન કાર્યક્રમમાં અવશ્ય હાજરી આપવાની રહેશે.**

## કાર્યક્રમની વિગત

| સમય | વિષય | કૃષિ વૈજ્ઞાનિકશ્રીનું નામ અને હોદ્દો |
|---|---|---|
| (૧) | (૨) | (૩) |
| ૦૯.૩૦ થી ૦૯.૪૦ | કૃષિ મહોત્સવ–૨૦૧૪ અંગે પ્રાથમિક જાણકારી | ડૉ. જી.આર. પટેલ, પ્રાધ્યાપક (કૃષિ વિસ્તરણ), વિશિનિશ્રીની કચેરી,નવસારી |
| ૦૯.૪૦ થી ૯.૫૦ | પ્રાસંગિક ઉદબોધન | માન. કુલપતિશ્રી, નકૃયુ, નવસારી |
| ૯.૫૦ થી ૧૦.૦૫ | ડાંગરની આધુનિક છેલ્લી જાણકારી. | ડૉ.પથિક બી. પટેલ, સહ સંશોધન વૈજ્ઞાનિક, ડાંગર સંશોધન કેન્દ્ર,નકૃયુ, નવસારી |
| ૧૦.૦૫ થી ૧૦.૨૦ | શેરડીની આધુનિક છેલ્લી જાણકારી. | ડૉ.ડી.યુ.પટેલ,સંશોધન વૈજ્ઞાનિક, શેરડી સંશોધન કેન્દ્ર,નકૃયુ, નવસારી. |
| ૧૦.૨૦ થી ૧૦.૩૫ | કપાસની આધુનિક છેલ્લી જાણકારી. | ડૉ.વી. કુમાર, સંશોધન વૈજ્ઞાનિક, મુખ્ય કપાસ સંશોધન કેન્દ્ર, નકૃયુ, સુરત. |
| ૧૦.૩૫ થી ૧૦.૫૦ | ફળપાકો–કેરી, ચીકુ, કેળ વિ. | ડૉ. બી.વી.પઢીયાર, પ્રાધ્યાપક, અસ્પી બાગાયત–વ–વનીય કોલેજ, નકૃયુ, નવસારી |
| ૧૦.૫૦ થી ૧૧.૦૫ | હાઈટેક હોર્ટીકલ્ચર (શાકભાજી પાકો, કીચન ગાર્ડનીંગ અને ફુલ પાકો) | ડૉ. સાગર પાટીલ, સહ પ્રાધ્યાપક, અસ્પી બાગાયત–વ–વનીય કોલેજ, નકૃયુ, નવસારી |
| ૧૧.૦૫ થી ૧૧.૨૦ | એગ્રો ફોરેસ્ટ્રી | ડૉ.ડી.બી.જાડેજા, આચાર્યશ્રી, ફોરેસ્ટ્રી કોલેજ, નકૃયુ, નવસારી |
| ૧૧.૨૦ થી ૧૧.૩૫ | હલકા ધાન્ય પાકોની આધુનિક જાણકારી | ડૉ.પી.પી. ચૌધરી, પ્રાધ્યાપક, હલકાં ધાન્ય સંશોધન કેન્દ્ર, વઘઈ, નકૃયુ, જિ.ડાંગ |

| | | |
|---|---|---|
| ૧૧.૩૫ થી ૧૧.૫૦ | ખેતી પાકોમાં જૈવિક નિયંત્રણ અને અનાજ સંગ્રહ. | ડૉ. એલ.વી. ઘેટીયા,સહ પ્રાધ્યાપક , કીટકશાસ્ત્ર, નમકૃમ, નકૃયુ, નવસારી |
| ૧૧.૫૦ થી ૧૨.૦૫ | ખેતી પાકોમાં સંકલિત રોગ નિયંત્રણ. | ડૉ. વી.એ. સોલંકી, પ્રાધ્યાપક અને વડા, પ્લાન્ટ પેથોલોજી વિભાગ, નમકૃમ, નકૃયુ, નવસારી |
| ૧૨.૦૫ થી ૧૨.૨૦ | પશુપાલન | ડૉ. એન.એચ. કેલાવાલા, આચાર્યશ્રી, વેટરીનરી કોલેજ, નકૃયુ,,નવસારી. |
| ૧૨.૨૦ થી ૧૨.૩૫ | જળ અને જમીન વ્યવસ્થાપન | ડૉ. આર.જી. પાટીલ, સંશોધન વૈજ્ઞાનિક, જળ અને જમીન વ્યવસ્થાપન એકમ, નકૃયુ, નવસારી |
| ૧૨.૩૫ થી ૧૨.૫૦ | સોઈલ હેલ્થ કાર્ડ અને ખેતીમાં મુખ્ય, ગૌણ અને સુક્ષ્મ પોષક તત્વોનું મહત્વ | ડૉ. અમરીશ દાસ, સંશોધન વૈજ્ઞાનિક, જમીન વિજ્ઞાન, નકૃયુ, નવસારી |
| ૧૨.૫૦ થી ૧૩.૦૫ | ખેત ઉત્પાદનમાં મૂલ્યવૃધ્ધિ અને બજાર વ્યવસ્થાપન | ડૉ. પરાગ પંડિત, મદદનીશ પ્રાધ્યાપક, કૃષિ ઈજનેરી વિભાગ, નમકૃમ, નકૃયુ,નવસારી |
| ૧૩.૦૫ થી ૧૪.૩૦ | **ભોજન વિરામ** | |
| ૧૪.૩૦ થી ૧૪.૪૫ | મત્સ્યપાલન અને ઝીંગા ઉછેર | પ્રો. આર.વી.બોરીચાંગર, સહ સંશોધન વૈજ્ઞાનિક દાંતી યોજના, નવસારી કૃષિ યુનિવર્સિટી,નવસારી. |
| ૧૪.૪૫ થી ૧૫.૦૦ | પાક અવશેષોમાંથી કમ્પોષ્ટ ખાતર તેમજ લીલા પડવાશનો ઉપયોગ | ડૉ. જે.ડી.થાનકી,પ્રાધ્યાપક અને વડા, સસ્ય વિજ્ઞાન વિભાગ, નમકૃમ, નકૃયુ, નવસારી |
| ૧૫.૦૦ થી ૧૭.૦૦ | કીટ વિતરણ | જે તે જિલ્લાના જિલ્લા નોડલ અધિકારીઓ |

વધુમાં કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન કૃષિ તજજ્ઞ તરીકે જે તાલુકામાં સેવા સોંપવામાં આવેલ છે તેના કૃષિ રથ રૂટની નકલ ઓરીએન્ટેશન કાર્યક્રમ દરમ્યાન મેળવી લેવાની રહેશે.

કૃષિ મહોત્સવ–૨૦૧૪ દરમ્યાન જે તે તાલુકાના કૃષિ રથને અન્ય તાલુકાના ગામોમાં જવાનું થાય ત્યારે જે તે રથ સાથેના વૈજ્ઞાનિકોએ તે રથ સાથે જ જવાનું રહેશે, જેનો ચૂસ્તપણે અમલ પણ કરવાનો રહેશે.

ઓરીએન્ટેશન કાર્યક્રમ દરમ્યાન ભોજનની વ્યવસ્થા રાખવામાં આવેલ છે, જે સર્વેને વિદિત થાય.

ઉપરોકત પરિપત્ર મા.કુલપતિશ્રીની સૂચનાનુસાર બહાર પાડવામાં આવે છે.

સહી/–

**વિસ્તરણ શિક્ષણ નિયામક**

જા.નં. નકૃયુ/વિશિનિ/ડી–૧/ વેબ.૮/૨૦૧૪
નવસારી તા.૧૭/૦૫/૨૦૧૪

**<u>નકલ સવિનય રવાનાઃ–</u>**

અત્રેની યુનિવર્સિટીના તમામ યુનિટ/ સબ યુનિટ અધિકારીશ્રીઓ તરફ જાણ સારું.